ખબર ગુજરાત
જામનગરથી પ્રસિધ્ધ થતું સાંધ્ય દૈનિક

Jamnagar 10 February, 2020

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર, જામનગર

# સ્પિરિચ્યુઅલ સેન્ટરે વાત્સલ્યધામ વૃદ્ધાશ્રમમાં પ્રેમની હૂંફ પ્રસરાવી



ખબર-જામનગર

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની પ્રેરણા ગુરૂદેવ રાકેશભાઈના માર્ગદર્શન હેઠળ શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરણા અને પૂજય ગુરૂદેવ રાકેશભાઈના માર્ગદર્શન હેઠળ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર સમાજના જરૂરિયાતોના જીવનમાં આનંદનો અવિર્ભાવ કરાવવા અનેક સેવાકીય પ્રવૃતિઓ કરી રહું છે. ઉચ્ચ ગુણવતાયુવક, ચેરિટેબલ અને લાંબા ગાળાના અભિયાનો દ્વારા તેઓ મનુષ્યજાતિ, પ્રાણીજગત અને પર્યાવરણ એમ સફળ જીવરાશીને શાતા અને સેવા, સમાજ સેવા, માનવીય સેવા, સંકટસહાય સેવા, પ્રાણી સેવા તથા પર્થાવરણસુરક્ષા સેવા જેવા દસ મુદ્દાના કાર્યક્રમનો સમાવેશ થાય છે. વળી, દરેક સેવા અંતર્ગત વિવિધ યોજનાઓ ધડવામાં આવી છે કે જેથી સૌ કોઈ સુધી આ સેવાનો લાભ વિસ્તરી શકે. વિશ્વભરના ૫૦ થી વધુ શહેરોમાં તમના દ્વારા કરાતી ૫૦ થી વધુ ચેરિટેબલ યોજનાઓ થકી લાખો જરૂરિયાતમંદ જીવો લાભાન્વિત થાય છે.

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર, જામનગર સ્પિરિચ્યુઅલ સેન્ટર પણ ધણા સમયની નિયમિત પણે સમાજસેવાના કાર્યો કરી રહ્યું છે. તા. ૨ ફેબ્રુઆરીના રોજ આવા જ એક સેવાકાર્ય અર્થે તેઓએ વાત્સલ્યધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. અહીં તેમણે આશ્રિત વૃદ્ધો સાથે સુંદર સમય ગાળ્યો હતો. તેઓ સાથે થયેલ વાતચીતનું આદાનપ્રદાન હદયસ્પર્શી રહ્યું. ઠંડીના આ સમયમાં આ વૃદ્ધોને પ્રેમની હુંફ આપતાં તેઓએ તેમને ધાબળાઓનું પણ વિતરણ કર્યુ હતું. સૌએ ખૂબ પ્રેમથી આનંદપૂર્ણ સમય પસાર કર્યો હતો.